# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-12-2024 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-કુવેત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કુવૈતમાં ભારતીય સમુદાયને સંબોધતા જણાવ્યું હતું કે, બંને દેશો વચ્ચેનો સંબંધ મજબૂત સાંસ્કૃતિક સંબંધ છે.

બે દિવસની સત્તાવાર મુલાકાતે કુવૈત પહોંચેલા પ્રધાનમંત્રીએ ગઈકાલે કુવૈતમાં ગલ્ફ સ્પીક લેબર કેમ્પની મુલાકાત લીધી હતી અને ત્યાં કામ કરતાં કર્મચારીઓ અને શ્રમિકો સાથે સંવાદ કર્યો હતો. શ્રી મોદી રામાયણ અને મહાભારતનો અરેબિક ભાષામાં અનુવાદ કરનાર અબ્દુલ લતિફ અલ નેસફને મળ્યા હતા.

---------------------------------------------------------------------------

## સી.આર પાટિલ-કૃષિમેળો:

કેન્દ્રિય જળશક્તિમંત્રી સી.આર.પાટીલે ગઈકાલે નવસારીમાં રાજકક્ષાના કૃષિમેળાનો અને એગ્રો ટેક્ષટાઇલ પાર્કનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે કૃષિમંત્રી રાઘવજી પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી પાટીલે કૃષિમેળાનો પ્રારંભ કરાવતાં કહ્યું હતું કે, કૃષિ અને ખેડૂતોનો સર્વાંગીણ વિકાસનો સંકલ્પ સાકાર થઇ રહ્યો છે. વિકસિત ભારતમાં ખેડૂતોનું મહત્વનું યોગદાન હશે.

આ પ્રસંગે રાજયના કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું હતું કે, ખેડૂતોનો આર્થિક ઉત્કર્ષ અને સુખાકારી સરકારના હૈયે વસેલી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના પટાંગણમાં ત્રણ દિવસ સુધી ચાલનારા કૃષિ મેળામાં રાજયના 25 હજારથી વધુ ખેડૂતોને કૃષિ ક્ષેત્રની નવી ટેકનોલોજી અને નવા સંશોધનોથી માહીતગાર કરાશે.

---------------------------------------------------------------------------

## ધોરણ 10 અને 12 આવેદનપત્રો મુદત:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-10 અને ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની ફેબ્રુઆરી 2025માં લેવાનારી બોર્ડની પરીક્ષાના આવેદનપત્રો લેઇટ ફી સાથે ઓનલાઇન ભરવાની અંતિમ તારીખ લંબાવવામાં આવી છે. ધોરણ 10 માટે અંતિમ તારીખ 24 ડીસેંબર જયારે ધોરણ 12 વિજ્ઞાનપ્રવાહ માટે આવતીકાલ 23 ડિસેંબર સુધી ફોર્મ ભરવાની મુદત લંબાવવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------------

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો-કચ્છમાં નવા 7:

રાજય સરકારે વિવિધ જિલ્લામાં આવેલા 24 નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સૈધ્ધાંતિક મંજૂરી આપી છે.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગઈકાલે મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. શ્રી પટેલે કહ્યું હતું કે, વિવિધ જીલ્લાઓમાં વસ્તીના ધોરણ ઉપરાંત જીઓ સ્પેશિયલ એનાલિસિસ અને આરોગ્ય કેન્દ્રો વચ્ચેના અંતરને ધ્યાનમાં લઇને આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી છે. હાલ રાજયમાં કુલ 1 હજાર 499 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

કચ્છમાં સરકાર દ્વારા નવા સાત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યાની સરકાર દ્વારા જાહેરાત કરાઇ છે. લખપતના પાન્ધ્રો અને નરામાં, રાપરમાં કીડિયાનગર, કુંભારિયા મોટી, રવ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરાયા છે. ઉપરાંત નખત્રાણા તાલુકાના સાયરા ખાતે પણ પ્રાથમિક કેન્દ્ર મંજૂર કરાયું છે. કચ્છમાં નવા સાત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થતા આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બનશે.

-----------------------------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં ઠંડી દિવસે ને દિવસે વધી  રહી છે. જિલ્લામાં દિવસ-રાત ઠાર અનુભવાતાં જનજીવન અસ્તવ્યસ્ત થયુ છે. કચ્છનું કાશ્મીર એવા નલિયામાં પારો ગગડીને 5.8 ડિગ્રીએ પહોંચતાં સગમ્ર વિસ્તારમાં ઠાર અનુભવાયો હતો.  ઠંડીની મજબૂત બનેલી પકડ વચ્ચે હવામાન વિભાગે 26 થી 28 ડિસેમ્બર દરમિયાન માવઠાંની આગાહી કરતાં રવીપાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. નલિયા ઉપરાંત અબડાસા, લખપત સહિત સમગ્ર પશ્ચિમ કચ્છમાં ડંખીલા ઠારનાં મોજાંથી તડકાનું જોર ઓછુ જોવા મળ્યું હતું. જિલ્લા મથક ભુજમાં લઘુતમ તાપમાન 11.3 ડિગ્રી,જયારે કંડલા એરપોર્ટમાં 11.9 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ હતું.

હવામાન ખાતા દ્વારા કરાયેલી વરસાદની આગાહી અન્વયે કચ્છના ખેડૂતોને તકેદારીના પગલા લેવા ખેતીવાડી અધિકારી દ્વારા જણાવાયું છે. ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલા પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલિક સલામત હોય તેવા સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી. પ્લાસ્ટિક કે તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવા અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જંતુ અટકાવવા એપીએમસીમાં વેપારી અને ખેડૂતોને આગોતરા સાવચેતીના પગલા લેવા તંત્ર દ્વારા જણાવાયું છે.

---

## ધોરડો-કેરળ મહિલા પત્રકાર પ્રતિનિધિ મંડળ:

કેરળથી  એક સપ્તાહ માટે ગુજરાતના પ્રવાસે આવેલા મહિલા પત્રકાર પ્રતિનિધિ મંડળે ગઇકાલે ધોરડોના સફેદ રણનો નજારો માણ્યો હતો. ધોરડો ગામનાં સરપંચ મિયાં હુસેન સાથે મુલાકાત કરી તેમણે ધોરડોના પ્રવાસન ક્ષેત્રે થયેલા વિકાસની વાતો જાણી હતી.  તેઓ નડાબેટમાં ઝીરો પોઇન્ટ સરહદ સુધી પહોંચ્યા હતા. જ્યાં તેમણે બીએસએફ જવાનોની કપરી ફરજ અંગેની માહિતી મેળવી હતી. રણ વિસ્તારમાં ભરેલા પાણીમાં આવેલા યાયાવર પક્ષીઓ પણ જોવા મળ્યા હતા.

---

## ગુજરાત જાહેર સેવા- પરીક્ષા:

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આજે રાજય વેરા નિરીક્ષક વર્ગ-3ની પ્રાથમિક પરીક્ષા યોજાશે. જેમાં સમગ્ર રાજયમાંથી 1 લાખ 85 હજાર ઉમેદવારો પરીક્ષામાં ઉપસ્થિત રહેશે.

---------------------------------------------------------------------------------

## જિલ્લા સંકલન સહ ફરીયાદ સમિતિ બેઠક:

કચ્છ જિલ્લા કલેકટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક ગઈકાલે  જિલ્લા કલેક્ટર કચેરી ભુજના સભાખંડ ખાતે યોજાઇ હતી.

આ બેઠકમાં ધારાસભ્યો તથા જિલ્લા પંચાયત પ્રમુખ સહિતના પદાધિકારીઓ દ્વારા પાણી, સિંચાઈ, રસ્તા, ખનીજચોરી તથા શિક્ષણ સહિતના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રશ્નો અંગે જરૂરી સમીક્ષા કરી કલેકટર દ્વારા સંબંધિત વિભાગોને સમય મર્યાદામાં યોગ્ય કાર્યવાહી કરવા તેમજ પ્રજાને પડતી સમસ્યાઓને પણ તાત્કાલિક ધોરણે નિવારવા સૂચના આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------